ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૯૬૩૨૪૧૩
E-mail : aspdssaguj@gmail.com
Toll Free Mo. : 1800-233-1965

જયશ્રી દેવાંગન, જી.એ.એસ.
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા

તા. ૭/૧૦/૨૦૨૧

ક્રમાંક: SSA/MIS/2021/૩૪૩૪૮-૩૮૪

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિ. તમામ (મહેસાણા, નવસારી, પાટણ, ડાંગ સિવાય)

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ વર્ષ ૨૦૧૧ દરમ્યાન ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ સાથે પૂરા પડાયેલ ફર્નિચર (કોમ્પ્યુટર ટેબલ - ખુરશી)ના સર્વે બાબત.**

આપ જાણો છો તેમ, ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ કોમ્પ્યુટર એઇડેડ લર્નિંગ (CAL) પ્રોજેક્ટના અમલીકરણ માટે વર્ષ ૨૦૧૧ દરમ્યાન સરકારી પ્રાથમિક શાળાઓમાં અત્રેની કચેરી દ્વારા BOOT (Built, Own, Operate & Transfer) મોડેલ પર કોમ્પ્યુટર લેબ વિકસાવવામાં આવેલ હતી. દસ વર્ષ જૂના બિન-કાર્યરત કોમ્પ્યુટર હાર્ડવેરના ઇ-વેસ્ટ તરીકે નિકાલ માટેની પ્રક્રિયા પ્રગતિમાં છે. સદર કોમ્પ્યુટર લેબ સાથે શાળા દીઠ ૧૨ નંગ કોમ્પ્યુટર ટેબલ (without castor wheel) અને ૨૦ નંગ ખુરશી (Plastic Moulded Chair Without arm rest) પણ પૂરી પાડવામાં આવેલ હતી.

અત્રેથી શાળા કક્ષાએ નવીન કોમ્પ્યુટર લેબની ફાળવણી કરવાનું આયોજન છે. જે માટે શાળા કક્ષાએ જૂનું હયાત ફર્નિચર જો ઉપયોગમાં આવે તેવી સ્થિતિમાં હોય તો માત્ર કોમ્પ્યુટર હાર્ડવેર-સોફ્ટવેર પૂરા પાડવાથી લેબ સેટઅપ કરી શકાય.

ઉક્ત વિગતે, આપના તાબા હેઠળની આ સાથે સામેલ યાદી મુજબની શાળાઓમાં ઉપલબ્ધ કોમ્પ્યુટર ટેબલ અને ખુરશીની સ્થિતિ અંગે આ સાથે સામેલ ફોર્મેટ મુજબ શાળાવાર માહિતી સોફ્ટકોપીમાં (Excel Sheet) પૂરી પાડવા જણાવવામાં આવે છે.

*બિડાણઃ શાળાઓની યાદી અને*
*સર્વે ફોર્મેટ*

(જયશ્રી દેવાંગન)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**સર્વે ફોર્મેટનો નમૂનોઃ**

| જિલ્લો | તાલુકો | ગામ/વોર્ડ | શાળાનું નામ | શાળાનો UDISE કોડ | કોમ્પ્યુટર ટેબલની સ્થિતિ | | | ખુરશી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | શાળામાં ફાળવેલ ૧૨ કોમ્પ્યુટર ટેબલ પૈકી હાલમાં ઉપ્લબ્ધ કોમ્પ્યુટર ટેબલની સંખ્યા | તે પૈકી વપરાશ લાયક કોમ્પ્યુટર ટેબલની સંખ્યા | વપરાશ માટે બિનલાયક કોમ્પ્યુટર ટેબલની સંખ્યા | શાળામાં ફાળવેલ ૨૦ ખુરશીઓ પૈકી હાલમાં ઉપ્લબ્ધ ખુરશીઓની સંખ્યા | તે પૈકી વપરાશ લાયક ખુરશીની સંખ્યા | વપરાશ માટે બિનલાયક કોમ્પ્યુટર ખુરશીની સંખ્યા |
| | | | | | | | | | | |